પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૦ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૨, શનિવાર; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ટૂકડી ચોખાની નિકાસ પર પ્રતિબંધ

**સ્થાનિક પુરવઠો ઘટતા અને ભાવ બેકાબૂ થતા સરકારનાં પગલાં : બિન-બાસમતી ચોખાની નિકાસ પર ૨૦ ટકા કસ્ટમ ડ્યુટી લાદ્યા પછી સરકારે સ્થાનિક સપ્લાય સુધારવાના હેતુથી ટુકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો**



નવી દિલ્હી, તા.૯

ઘરેલું સપ્લાય ઘટતા અને ભાવ બેકાબૂ બનતા ગુરૂવારે મોડી સાંજે સરકારે ચોખાની અમુક જાત પર નિકાસ જકાત લાદી હતી પરંતુ સરકારે આ ખાદ્યાન્ન સંકટને ટાળવા માટે હવે ટુકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો છે. બિન-બાસમતી ચોખાની નિકાસ પર ૨૦ ટકા કસ્ટમ ડ્યુટી લાદ્યા પછી સરકારે સ્થાનિક સપ્લાય સુધારવાના હેતુથી ટુકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ એક આદેશમાં જણાવ્યું હતું કે ટુકડા ચોખાની નિકાસની શ્રેણીને 'ફ્રી'થી પ્રતિબંધિત કરવામાં આવી છે. આ સૂચના ૯ સપ્ટેમ્બર, ૨૦૨૨થી લાગુ થશે.

ટ્રાન્સફર પોલિસીના સંબંધમાં ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦૨૦ હેઠળની જોગવાઈઓ પર આ આદેશ લાગુ પડશે નહીં. ઉપરાંત ૯થી ૧૫ સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન ટુકડા ચોખાના અમુક ચોક્કસ કન્સાઈનમેન્ટને નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવશે.

સર્ક્યુલર અનુસાર આ સમયગાળા દરમિયાન ફક્ત તે માલસામાનને નિકાસ માટે મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્રના રાજકારણમાં સતત ચાલતી ઊથલ-પાથલ

**શિવસેના નેતાઓના ભાજપમાં સામેલ થવા પર શિંદે જૂથમાં ભારે નારાજગી : અમરાવતીના આગામી સાંસદ અને બડનેરાના ધારાસભ્ય ભાજપના હશે તેવા બાવનકુલેના નિવેદન સામે ભારે વિરોધ**

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ૧-૨ મહિના દરમિયાન ભારે મોટી ઉથલ-પાથલ જોવા મળી છે. એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને ભારે મોટો ઝાટકો આપીને પ્રદેશની ગાદી આંચકી લીધી છે.

એકનાથ શિંદેને શિવસેનાના ૪૦ ધારાસભ્યો, ૧૦ અપક્ષ અને ૧૨ સાંસદોનો પણ સાથ મળ્યો છે. તે સિવાય શિવસેનાના અનેક પદાધિકારીઓ પણ ટીમ શિંદેમાં સામેલ થયા છે. હજુ પણ અનેક નેતાઓનો શિવસેના છોડવાનો સિલસિલો ચાલુ જ છે. જોકે હવે તેમાં એક નવો ટ્વિસ્ટ આવ્યો છે.

ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડનારા મોટા ભાગના નેતાઓ ટીમ શિંદેમાં જોડાઈ રહ્યા હતા પરંતુ હવે તેમને ભાજપમાં જોડાવા સામે પણ કોઈ જ વાંધો નથી. ભાજપ દ્વારા પણ તેમનું ખુલ્લા દિલે સ્વાગત કરવામાં આવી રહ્યું છે. જોકે ભાજપના આ પગલાંથી ટીમ શિંદેના અનેક નેતાઓ અસહજતા અનુભવી રહ્યા છે.

અમરાવતી જિલ્લાના ઉદ્ધવ ઠાકરેની ટીમના શિવસેનાના વર્તમાન જિલ્લાધ્યક્ષ રાજેશ વાનખેડે ગુરૂવારે ભાજપમાં જોડાયા હતા. તેમની સાથે જ અમરાવતી જિલ્લા પરિષદના સદસ્ય, પંચાયત સમિતિના સદસ્ય અને કેટલાક પૂર્વ નગરસેવક પણ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

થોડા દિવસ પહેલા અમરાવતીમાં બાવનકુલેના નિવેદન મામલે પણ ભાજપ-શિવસેના વચ્ચે વિવાદ જાગ્યો હતો. બાવનકુલેએ સાંસદ નવનીત રાણા અને ધારાસભ્ય રવિ રાણા પણ ભાજપમાં જોડાઈ શકે છે તેવા સંકેત આપ્યા હતા. તેમણે એટલે સુધી કહી દીધું હતું કે, અમરાવતીના આગામી સાંસદ અને બડનેરાના આગામી ધારાસભ્ય ભાજપના હશે. ટીમ શિંદેમાં જોડાયેલા શિવસેનાના નેતા આનંદરાવ અડસુલ પણ બાવનકુલેના આ નિવેદનથી રોષે ભરાયા છે.

# એલિઝાબેથના પાર્થિવ દેહને ૧૦ દિવસ બાદ દફનાવાશે

**એલિઝાબેથ દ્વિતિયનું ૯૬ વર્ષની ઉંમરે નિધન : મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ હવે તેમને દેશ વિદેશમાંથી મોટી મોટી હસ્તીઓ સહિત લોકો શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે**

લંડન,તા.૯

બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતિયનું ૯૬ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું છે. તેમણે લગભગ ૭૦ વર્ષ સુધી રાજ કર્યું. તેમણે સ્કોટલેન્ડના બાલમોરા કેસલમાં છેલ્લા શ્વાસ લીધા. અહીં તેઓ સમરબ્રેક માટે આવ્યા હતા. એલિઝાબેથ ૧૯૫૨માં તેમના પિતા જ્યોર્જ ષષ્ટમના મોત બાદ મહારાણી બન્યા હતા.

મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ હવે તેમને દેશ વિદેશમાંથી મોટી મોટી હસ્તીઓ સહિત લોકો શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. તેમના પાર્થિવ શરીરને આગામી ૧૦ દિવસ સુધી દફન કરવામાં આવશે. નહીં. જાણો ક્વિન એલિઝાબેથના અંતિમ સંસ્કારનો સંપૂર્ણ કાર્યક્રમ. પીએમ મોદીએ બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન પર શોક વ્યક્ત કર્યો. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે મહામહિમ

● અનુસંધાન પાન-૭ પર

# નિરજ ચોપરાનો ડાયમંડ લિગની ફાઈનલમાં વિજય

**નીરજ આ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ છે**

ઝ્યુરિચ, તા.૯

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ સતત સારું પ્રદર્શન કર્યું છે. નીરજ ચોપરાએ ડાયમંડ લીગની ફાઈનલમાં ૮૮.૪૪ મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે જીત મેળવી હતી. નીરજ આ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ છે. નીરજ અગાઉ ૨૦૧૭ અને ૨૦૧૮માં પણ ફાઈનલમાં ક્વોલિફાય થયો હતો, જ્યાં તે અનુક્રમે સાતમા અને ચોથા સ્થાને રહ્યો હતો. પરંતુ આ વખતે નીરજે ડાયમંડ ટ્રોફી જીતીને વધુ એક સફળતા હાંસલ કરી હતી.



ઝ્યુરિચમાં યોજાયેલી ડાયમંડ લીગની ફાઈનલમાં નીરજની શરૂઆત ખરાબ રહી હતી અને તેનો પહેલો થ્રો ફાઉલ હતો. ત્યારબાદ બીજા પ્રયાસમાં તેણે ૮૮.૪૪ મીટર દૂર બરછી ફેંકી અને હરીફ ખેલાડીઓ પર સરસાઈ મેળવી લીધી. નીરજે ત્રીજા પ્રયાસમાં ૮૮.૦૦ મીટર, ચોથા પ્રયાસમાં ૮૬.૧૧ મીટર, પાંચમા પ્રયાસમાં ૮૭.૦૦ મીટર અને છઠ્ઠા પ્રયાસમાં ૮૩.૬૦ મીટર થ્રો કર્યો હતો.

ડાયમંડ લીગની ફાઈનલમાં, ચેક રિપબ્લિકના જેકબ વેડલેચ ૮૬.૯૪ મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે બીજા અને જર્મનીના જુલિયન વેબર (૮૩.૭૩) ત્રીજા ક્રમે આવ્યા હતા. નીરજે ૨૦૨૧માં ઓલિમ્પિક ગોલ્ડ, ૨૦૧૮માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ, ૨૦૧૮માં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ, ૨૦૨૨માં વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો છે. તેની ઈચ્છા ડાયમંડ ટ્રોફી જીતવાની હતી જે હવે પૂરી થઈ છે.

# કોરોના બાદ રહસ્યમય ન્યૂમોનિયાનો વધતો પ્રકોપ

**પાંચ લક્ષણો દેખાય તો તાત્કાલિક લો સારવાર : ક્લિવલેન્ડ ક્લિનિક દ્વારા લીજિયોનેયર્સને એક ગંભીર પ્રકારના ન્યુમોનિયા તરીકે પરિભાષિત કરવામાં આવી છે, આ બીમારી એવા સમયે થાય છે જ્યારે લેજિયોનેલા બેક્ટેરિયા તમારાં ફેફસાને સંક્રમિત કરે છે**

નવી દિલ્હી,તા.૯

કોરોના વાયરસનો પ્રકોપ ઘટે તે અગાઉ જ એક નવા જ પ્રકારના ન્યુમોનિયાનું જોખમ શરૂ થઈ ગયું છે. ઉલ્લેખયની છે કે, વેસ્ટર્ન આર્જેન્ટિનાના તુકુમાન પ્રાંતમાં રહસ્યમય ન્યુમોનિયાનો પ્રકોપ વધી રહ્યો છે, જેના કારણે ૧૧ લોકો સંક્રમિત થાય છે અને ચારના મોત થયા છે. સ્વાસ્થ્ય અધિકારીઓ અનુસાર, આ રહસ્યમય બીમારીના લક્ષણો શરૂઆતમાં ૧૮થી ૨૨ ઓગસ્ટની વચ્ચે સામે આવ્યા હતા. આ ૧૧ કેસો દર્દીઓના લોહી, શ્વસન અને ટિશ્યૂના નમૂનાઓ લેવામાં આવ્યા છે. શરૂઆતમાં સ્વાસ્થ્ય નિષ્ણાત આ પ્રકોપ વિશે વધુ માહિતી ધરાવતા નહતા, પરંતુ હાલમાં થયેલ રિસર્ચ આધારિત જાણકારી મળી છે કે, લીજિયોનેયર્સ નામની બીમારી એક પ્રકારે ન્યુમોનિયાનું જ સ્વરૂપ છે. ક્લિવલેન્ડ ક્લિનિક દ્વારા લીજિયોનેયર્સને એક ગંભીર પ્રકારના ન્યુમોનિયા તરીકે પરિભાષિત કરવામાં આવી છે.આ બીમારી એવા સમયે થાય છે જ્યારે લેજિયોનેલા બેક્ટેરિયા તમારાં ફેફસાને સંક્રમિત કરે છે. એલ, નીમોફિલા લીજિયોનેયર્સના રોગનું કારણ બને છે અને સામાન્ય રીતે નદી, તળાવ, સરોવર જેવા જળાશયોમાં જોવા મળે છે. આ બીમારીમાં તાવ, ખાંસી, ડાયરિયા ઉપરાંત ભ્રમ જેવા લક્ષણો સામેલ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, આ રોગ એક ન્યુમોનિયા જેવી જ બીમારી છે જે સામાન્ય તાવથી લઈને ગંભીર અને અમુક કેસમાં ન્યુમોનિયાના ઘાતક સ્વરૂપમાં પણ ફેરવાઈ શકે છે. રહસ્યમય ન્યુમોનિયાથી સંક્રમિત લોકોમાં તાવ, માસપેશીઓમાં દર્દ, પેટમાં દુઃખાવો અને શ્વાસ લેવામાં તકલીફની સમસ્યા જોવા મળી હતી. આ તમામ દર્દીઓમાં ગંભીર શ્વસન સ્થિતિ જોવા મળી હતી.

# ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનમાં વિખવાદ

**આઈઓસીએ મુંબઈમાં કમિટિની બેઠક પાછી ઠેલી : તાજેતરમાં આઈઓસીની કારોબારીની બેઠક મળી હતી, જેમાં ભારતને વર્તમાન વિખવાદો તાકીદે ઉકેલવા ચેતવણી**

નવી દિલ્હી, તા.૯

ઈન્ડીયન ઓલેમ્પિક એસોસિએશનમાં ચાલી રહેલા વિખવાદના કારણે ચાલી રહેલા કોર્ટ કેસ અને વિલંબમાં પડેલી એસોસીએશનની ચૂંટણીના કારણે આંતરરાષ્ટ્રીય ઓલેમ્પિક કમિટી (આઈઓસી)એ મે ૨૦૨૩માં મુંબઈ ખાતે યોજાનાર કમિટીની ૧૪૦મી બેઠક હવે સપ્ટેમ્બર કે ઓક્ટોબર સુધી પાછી ઠેલી છે. આ ઉપરાંત, ફરી એક વખત ભારતને ઓલેમ્પિક કમિટીમાંથી સસ્પેન્ડ કરવા માટે ચીમકી ઉચ્ચારી છે.

ગુરુવારે આઈઓસીની કારોબારીની બેઠક મળી હતી. આ બેઠકમાં ભારતને વર્તમાન વિખવાદો તાકીદે ઉકેલવા માટે ચેતવણી આપવામાં આવી છે. ઈન્ડીયન ઓલેમ્પિક એસોસિએશનની ચૂંટણી મતભેદ અને કોર્ટ કેસના કારણે ડિસેમ્બર ૨૦૨૧માં યોજાવાની હતી જે હજુ સુધી શક્ય બન્યું નથી.

જો ભારત પોતાના વિવાદો દૂર કરવામાં અસમર્થ રહેશે તો આઈઓસી ભારતને ઓલેમ્પિકમાંથી કાઢી મૂકતા અચકાશે નહી એમ કારોબારીએ જણાવ્યું છે.

સાંજે ૭:૩૦ની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

## હવે બ્રિટનની રાજગાદી પ્રિન્સ ચાર્લ્સ સંભાળશે

**મહારાણી એલિઝાબેથ દ્વીતીયના ૭૦ વર્ષના શાસનનો અંત : પ્રિન્સ ચાર્લ્સ સિંહાસન પર બેસશે તો તેમના પત્ની કેમિલા જો ડચેસ ઓફ કોર્નવાલ છે જે રાણી કન્સોર્ટ બનશે**

લંડન, તા.૯

બ્રિટનના સૌથી લાંબા સમય સુધી શાસન કરનારા મહારાણી એલિઝાબેથ દ્વિતીયનુ ગુરૂવારે ૯૬ વર્ષની વયે નિધન થઈ ગયુ. મહારાણી એલિઝાબેથ દ્વિતીયના ૭૦ વર્ષના શાસનકાળના અંત બાદ પ્રિન્સ ચાર્લ્સ સિંહાસન સંભાળશે અને આ સાથે જ વધુ એક મહત્વપૂર્ણ પરિવર્તન થશે જે કોહિનૂર હીરા સાથે સંબંધિત છે. આ વર્ષની શરૂઆતમાં રાણીએ જાહેરાત કરી હતી કે પ્રિન્સ ચાર્લ્સ જ્યારે સિંહાસન પર બેસશે તો તેમના પત્ની કેમિલા જો ડચેસ ઓફ કોર્નવાલ છે જે રાણી કન્સોર્ટ બની જશે. જ્યારે આવુ થશે તો કેમિલાને રાજ માતાનો પ્રસિદ્ધ કોહિનૂર તાજ મળશે. કોહિનૂર ૧૦૫.૬ કેરેટનો હીરો છે. હીરો ૧૪મી સદીમાં ભારતમાં મળ્યો હતો અને સમય સાથે અલગ-અલગ હાથમાં પહોંચ્યો. ૧૮૪૯માં પંજાબના બ્રિટિશ કબ્જા બાદ હીરો મહારાણી વિક્ટોરિયાને સોંપી દેવાયો હતો. આ ત્યારથી બ્રિટિશ ક્રાઉન જ્વેલ્સનો ભાગ રહ્યો છે પરંતુ ભારત સહિત ચાર દેશો વચ્ચે આ એક ઐતિહાસિક સ્વામિત્વ વિવાદનો વિષય બનેલો છે.

કોહિનૂર હીરો વર્તમાનમાં કિંગ જ્યોર્જ છઠ્ઠાના ૧૯૩૭ ના રાજ્યાભિષેક માટે ક્વીન એલિઝાબેથ માટે બનાવવામાં આવેલા પ્લેટિનમ ક્રાઉનમાં સેટ કરવામાં આવ્યો છે. આને ટાવર ઓફ લંડનમાં ડિસ્પ્લે પર રાખવામાં આવ્યો છે.

# 'વંદે ભારત એક્સપ્રેસ'ની ૧૩૦ કિમીની ઝડપે ટ્રાયલ

**ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે આનંદના સમાચાર : આ ટ્રેનની ઝડપ ૨૦૦ કિમી પ્રતિ કલાકની છે પરંતુ ભારતીય ટ્રેકની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ધીમે દોડાવાઈ**

અમદાવાદ, તા.૯

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના લોકો માટે એક આનંદના સમાચાર છે. આજથી અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતી 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનનું ટ્રાયલ રન શરૂ કરી દેવાયું છે. આમ નવરાત્રી સુધીમાં જ આ ટ્રેન અમદાવાદ-વડોદરા-મુંબઈ વચ્ચે દોડતી થઈ જશે. આ ટ્રેનની ઝડપ ૨૦૦ કિમી પ્રતિ કલાકની છે પરંતુ ભારતીય ટ્રેકની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ રનનો આરંભ કરવામાં આવ્યો છે. જોકે અન્ય રાજ્યોમાં આ ટ્રેનનું ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પરીક્ષણ કરવામાં આવ્યું છે.



આજથી અમદાવાદ-મુંબઈ વચ્ચે ટ્રેનની ફુલ લેન્થ ટ્રાયલ હાથ ધરવામાં આવી છે અને ભવિષ્યમાં તે માત્ર ૬થી ૬:૩૦ કલાકમાં જ લોકોને અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ પહોંચાડી દેશે. સાથે જ વચ્ચે તે માત્ર વડોદરા જંક્શન પર જ ઉભી રહેશે. વંદે ભારત ટ્રેનમાં અમદાવાદ-મુંબઈ માટે ૩,૫૦૦ રૂપિયા ભાડું નિર્ધારિત કરવામાં આવે તેવી શક્યતા છે.

સવારે અમદાવાદથી ઉપડેલી આ ટ્રેન ૪૯૧ કિમીનું અંતર કાપીને મુંબઈ સ્ટેશન ખાતે એકાદ કલાકના બ્રેક બાદ રાત સુધીમાં અમદાવાદ પરત આવી જશે. ઉલ્લેખનીય છે કે, વંદે ભારત અંતર્ગત ૩૦૦ ટ્રેન દોડાવવાનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં દેશની ત્રીજી વંદે ભારત એક્સપ્રેસ અમદાવાદથી મુંબઈ વચ્ચે દોડવા લાગશે.

● અનુસંધાન પાન-૭ પર

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
16g પ્રોટીન




₹31*/ 500 mL
અમૂલ ગોલ્ડ
Amul
The Taste of India
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.